વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૨-૩ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જાન્યુ.૨૨, ફેબ્રુ. ૬, ૨૦૨૬

# રાષ્ટ્રીય ખેતી ઝુંબેશ : એક ઝલક

આજે પણ જે પ્રશ્ન સતાવે છે તે ''ખેડૂત ભૂખ્યો કેમ ?'' ઈલાબહેન એટલે જ કહેતાં કે, ''મોટા ભાગના ખેડૂત- જે ખાય છે તે ઉગાડતા નથી અને જે ઉગાડે છે તે ખાતાં નથી ! સાથે સાથે જો ગામડાંમાં પ્રત્યેક કામદાર બહેન અને ખેડૂતના ઘેર પોષણની સલામતી ત્યારે જ આવશે જયારે ઉત્પાદક અને ઉપભોક્તા વચ્ચેનું અંતર ઘટશે.''

આ જ પ્રશ્નનો ઉકેલ લાવવા 'સેવા'ની ''રાષ્ટ્રીય ખેતી ઝુંબેશ'' 'સેવા'ના સભ્યો આપણા દેશના ૨૦ રાજ્યોમાં આ ઝુંબેશને આગળ ધપાવે છે. રાષ્ટ્રીય ખેતી ધંધા સમિતિના સભ્યો તા. ૩,૪, ૫ ફેબ્રુઆરીએ 'સેવા'માં ''રાષ્ટ્રીય ખેતી ઝુંબેશ''ની ધંધા સમિતિમાં મળ્યા હતા. દરેક રાજ્યે પોત પોતાના રાજ્યોમાં ખેતી ઝુંબેશથી વર્ષ ૨૦૨૫ માં શું શું હાંસલ કર્યું ? તેનો તાગ લીધો. તેમજ, ૨૦૨૬ના વર્ષમાં કયા મુદ્દા ઉપર રાષ્ટ્રીય ખેતી ઝુંબેશ કામ કરશે તે મુદ્દા તારવ્યા.

(૧) બીજ અને ખાતરની સમયસર અને ગુણવત્તા સભર ની ઉપલબ્ધી, બિયારણનો સંગ્રહ

(૨) ખાસ કરીને જંગલી સુવર, રોઝ અને વાંદરાનો ત્રાસ, ઉભા પાકને નુકશાન પહોંચાડે તે માટેની વ્યૂહરચના

(૩)પાક-ધિરાણ 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના' વિશે ખેડૂતોમાં વ્યાપક જાગૃતિ અને જાણકારી

(૪) જળવાયુપરિવર્તન સામે ટકાઉ ખેતી માટેનું ખાસ શિક્ષણ

(૫) બજાર જોડાણ-રાજ્ય પ્રમાણે

ઉપરાંત આપણા દેશના વર્ષ ૨૦૨૬ના બજેટમાં ખાસ નીચેના ખેતીની યોજનાઓનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. જેના ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા થઇ. જેમાં આ યોજનાઓનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી આપણા સભ્યો સુધી પહોંચાડી. જેમાં મત્સ્ય ઉદ્યોગ ઉત્પાદક ઓર્ગેનાઇઝેશન, મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ પહેલ માઇક્રો એન્ટરપ્રાઈઝીસની વાત થઇ.

આ તમામ મુદ્દાઓ ઉપર હાજર રાષ્ટ્રીય ધંધા સમિતિમાંથી નાની કમીટી રચવામાં આવી. જે આ મુદ્દાઓને આગળ લઇ જશે.

સાંજે જમવા ટાણે એક અનેરો ઉત્સાહ સૌ કોઈ સભ્યમાં હતો. આજના દિવસમાં સૌથી વધારે શું ગમ્યું?

સૌ પ્રથમ તો 'સેવા'ના રાજ્યોભરના આગેવાન બહેનો એક સાથે ભેગાં મળી આયોજન કર્યું. એકતાની, એક પરિવારની ભાવના ઉભી થઈ.

- આજે પાંચ કમીટી બની તે વિશેષ ગમ્યું. જેનાથી સૌ કોઈની ભાગીદારી વધશે. દરેક રાજ્યના વિચાર, સૂચન આવરી લેવાયા.

જેથી, રાષ્ટ્રીય સ્તરે ખેતી ઝુંબેશ ધમધમશે.

હવે પછી મે મહિનામાં ઉત્તરાખંડમાં મળવાનું નક્કી થયું.

આજે તો બસ આનંદ આનંદ થઈ ગયો. એમાં વળી સાંજનું વાળું આપણા ઈલાબહેનના ઘેર! અમને તો એવું જ લાગે છે કે, 'બેન' અમારી સાથેજ છે... અમે નસીબદાર છીએ કે, ઈલાબહેને 'સેવા'ની સ્થાપના કરી. પછી તો દરેક રાજ્યની બહેનોએ પોતપોતાની ભાષામાં ભજન, દેશભક્તિના ગીત, પોતે બનાવેલ ગીત, તો કાશ્મીરી 'નાત શરીફ' વિગેરે ગાયા.

બીજા દિવસે રાષ્ટ્રીય ખેતી ઝુબેશના સભ્યોએ ગાંધીનગર નજીક રાંધેજામાં આવેલી ''વેસ્ટર્ન બાયો વેજીટેબલ સીડ્સ પ્રા. લિ.''ની શૈક્ષણિક મુલાકાત લીધી.

કંપનીના મેનેજર દિનેશભાઈ ગોસ્વામીએ વેસ્ટર્ન ગ્રુપની શરૂઆત, ઉદ્દેશ અને કામગીરી સમજાવી.

આ ગ્રુપમાં રીસર્ચ, પ્રોસેસિંગ અને સીડ પ્રોડક્શન થાય છે. જેમાં ગુણવત્તા પર વિશેષ ધ્યાન રખાય છે. ૩૦ એકરનું ફાર્મ તથા ધોળાકૂવામાં ૧૦૦ એકરનું સેમ્પલ ફાર્મમાં ગીર ગાયો સાથે ગૌશાળા છે. ટીમે ફાર્મના રીસર્ચ, પ્રોસેસિંગ, સીડ પ્રોડક્શન વિભાગ અને ગૌશાળાની મુલાકાત લીધી અને ઘણુ શીખવા મળ્યું.

પછી તો ચર્ચા ચાલી. જેમાં,મધ્ય પ્રદેશના કવિતાબહેને જૈવિક અને ઘાતક જીવાણું વિશે અત્યંત ઉપયોગી માહિતી આપતાં જણાવ્યું કે, દેશી ચણા, કાબુલી ચણા અને કાળા ચણા એક જ જમીન પર ઉગાડી શકાય છે. તે જાણીને સૌને આશ્ચર્ય થયું. એકસાથે પાક લેવો અને રાખનો છંટકાવ કરવાથી કીટકો દૂર રહે છે. આ સરળ પરંતુ અસરકારક ઉપાય સૌ માટે માર્ગદર્શક બની રહેશે. બાંબુનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની માહિતી પણ પ્રેરણાદાયક રહી.

ટેકનોલોજીનો સારો ઉપયોગ કેવી રીતે કરવો તેનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડતા, મહારાષ્ટ્રના જ્યોતિબહેને મહારાષ્ટ્રમાં બહેનો દ્વારા થતું ગ્રેડિંગ અને પેકેજિંગ કાર્ય બતાવ્યું. જેમાં, પેકેજિંગ બેગ પર મૂકાયેલ ઊઇ કોડ દ્વારા ઉત્પાદન વિશેની સંપૂર્ણ માહિતી મળતી હતી. સાથે જોવા મળ્યું કે, મોટા મશીનોનો યુગ છે છતાં, બહેનો હાથથી વીણણી કરતી જોવા મળી. વધુ કહું તો, આનાથી ગુણવત્તા જળવાઈ રહે છે અને સાથે બહેનોને રોજગારી પણ મળે છે.

અમારે ત્યાં માત્ર છ મહિના ખેતી શક્ય બને છે, કારણ કે બાકીના સમયમાં ઠંડી અને બરફ જ હોય છે, આ વાત કરતાં લદાખના નીરજાબહેન. વધુમાં જણાવ્યું કે, અમારે ત્યાં ખેતી પાકમાં ઘઉંના દાણાની સાઈઝ નાની રહે છે, જ્યારે અહીંયા ઘઉંના દાણા લાંબા જોઈને મને આશ્ચર્ય લાગે છે. (અહીયા નેચરલ ફાર્મિંગ પદ્ધતિ અપનાવવાની તેમની વાત પ્રેરણાદાયક રહી.) અમારે ત્યાં ડુંગળીની ખેતીમાં જીવાણું વધી જવાના કારણે ડુંગળીની ખેતી નથી કરતાં. જ્યારે અહીં ખેતીમાં રાખનો પાવડર અને ગલગોટાના છોડ દ્વારા કીટક નિયંત્રણ થાય તે જાણીને મને નવી દિશા મળી છે. અહીયા પહેલીવાર મેં આટલી મોટી ગાય જોઇને નવાઇ પામી છું.

ઉત્તરપ્રદેશના નિલમબહેને ડેરી ફાર્મમાં ગાયોની ઉત્તમ સંભાળ જોઈને પ્રશંસા વ્યક્ત કરી. વધુમાં જણાવ્યું કે, ગૌશાળાની સ્વચ્છતા અને માખી-મચ્છર નિયંત્રણ માટે અપનાવેલા ઉપાયો હું મારા રાજ્યમાં અમલમાં મૂકવાની ઈચ્છા રાખુ છું.

અહીં પશુઓને પરિવારના સભ્ય સમાન માન આપવામાં આવે છે — જ્યારે અન્યત્ર માત્ર ધંધા માટે ઉપયોગ થાય છે, આ શબ્દો હતા ઝારખંડના માનતીબહેનના. વધુમાં જણાવ્યું કે, પશુઓ પ્રત્યે અહીં જોવા મળેલો પ્રેમ મારા મનને સ્પર્શી ગયો છે.

મહેતા ભાઇ કે, જે ખેતીના નિષ્ણાંત છે અને 'સેવા' સાથે લાંબા સમયથી જોડાયેલા છે તેમણે આ ચર્ચાને આગળ લઇ જતાં, અગત્યના પ્રશ્નો મૂક્યા — ''શું જોયું ? શું સારું લાગ્યું ? અને શું અપનાવશું ?'' આ ત્રણ પ્રશ્નો માત્ર વિચારવા માટે નહીં, પરંતુ અમલ માટે છે. જળવાયુ પરિવર્તન વિષય પર તેમણે જણાવ્યું કે, કુદરતી પરિવર્તન સ્વાભાવિક છે, પરંતુ માનવસર્જિત પરિવર્તન ચિંતાજનક છે. હીટવેવ, ઋતુચક્રમાં ફેરફાર, અનિયમિત વરસાદ — આ બધું આપણા જીવનશૈલીના પરિણામ છે. ઝાડ કાપવા, પ્રદૂષણ વધારવા અને અતિશય સુવિધાઓનો ઉપયોગ કરવાથી પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડે છે. પાણી, જમીન અને હવા — આ ત્રણે પરસ્પર જોડાયેલા છે. ગંગા જેવી પવિત્ર નદીને પ્રદૂષિત કરનાર પણ મનુષ્ય જ છે. જમીનના જીવનું સંરક્ષણ કરવું જરૂરી છે.

તેમણે ત્રણ માતાનો સુંદર ઉલ્લેખ કર્યો — જન્મદાત્રી માતા, ગૌમાતા અને જમીન માતા. આ ત્રણે પ્રત્યે કૃતજ્ઞતા અને સંરક્ષણ ભાવ રાખવો જરૂરી છે.

ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિ અપનાવવી, પશુપાલન સાથે ખેતી જોડવી, પડતર જમીનનો ઉપયોગ કરવો અને નેચરલ ફાર્મિંગ તથા જીવામૃતનો વ્યાપક ઉપયોગ કરવો — આ સૂચનો વિકાસ માટે માર્ગદર્શક છે. પરંપરાગત સીડ કોઓપરેટિવ બેંક, ઓર્ગેનિક ખાતરનો વધારો, નાના ખેડૂતો માટે FPO, પ્રોસેસિંગ અને માર્કેટિંગનું સંકલન, ક્રોપ ઇન્સ્યોરન્સ અને જમીન ટેસ્ટિંગ જેવી યોજનાઓ ભવિષ્ય માટે મજબૂત આધાર બની શકે છે.

હવે પછી ધંધા સમિતિ નીચેના મુદ્દાઓ ઉપર આગળ વિચારણા કરશે, તેમ નક્કી થયું.

- પરંપરાગત સીડ કોઓપરેટિવ બેંક બનાવવી
- ઓર્ગેનિક ખાતર અને જીવામૃતનો ઉપયોગ વધારવો
- નાના ખેડૂતો માટે ખેડૂતો અને ઉત્પાદકોની ઓર્ગેનાઇઝેશન (Farmers Producer Organisations) ની રચના
- પ્રોસેસિંગ અને માર્કેટિંગ એક જ કેન્દ્રમાં
- પાક વીમો અને બીજ વીમોના લાઇસન્સ અન્ય રાજ્યોમાં પણ લેવાં
- પાંચ કમિટીઓ સાથે સતત સંકલન

કાર્યક્રમના અંતે સૌએ એક સાથે ''હમ હોંગે કામીયાબ'' ગીત ગાઈને મીટિંગનું સમાપન કર્યું.

**-હિના દવે**

❑

## શ્રી શૈશવ બાલસેવા મહિલા સહકારી મંડળી લિ. દ્વારા બાળકોનો વિદાય સમારંભ

તાજેતરમાં શ્રી શૈશવ બાલસેવા મહિલા સહકારી મંડળી લિ. દ્વારા સેન્ટરના બાળકોનો વિદાય સમારંભ કરવામાં આવ્યો. બાલસેવા શૈશવ મંડળીની શરૂઆત ૧૯૮૯માં આણંદ જિલ્લાના રાસનોલ ગામથી કરવામાં આવી. શૈશવ મંડળીના ૩૮૪ શેર સભાસદો અને ૪૭ સેવિકાબેન કાર્યરત છે. હાલમાં આણંદ જિલ્લામાં સેવા પ્રેરીત ચાલતી શૈશવ મંડળીના ૨૧ સેન્ટરો ચાલે છે જ્યાં ૦થી ૬ વર્ષના ૬૭૧ બાળકોનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

શૈશવ મંડળીનો હેતુ બેનોની આવક, આરોગ્ય, શિક્ષણ, પગભરતા અને પોતે આત્મસન્માનથી રહી શકે.

આ મંડળીમાં તમાકુ કામદાર, ખેતમજુર અને ખેડૂત બેનોના બાળકો સચવાય છે. જ્યારે બાળક નાનું હોય અને માતા મજુરી કામે જાય ત્યારે બાલસેવા સેન્ટરમાં મૂકીને જાય અને બપોરે જમવા આવે ત્યારે સેન્ટરમાં આવીને બાળકને દૂધ પીવડાવીને ફરી કામે જાય અને સાંજે ઘરે જતાં બાળકને લઈને જાય. ઘોડિયાઘરની બેનોએ આવી બેનોને તાલીમ આપીને સમજાવ્યું કે, જ્યારે બેન કામ ઉપરથી બાળકને પેટ ભરાવા આવો ત્યારે તમે છાતીને બરાબર સાફ કરીને બાળકને દૂધ પીવડાવો. જેથી ખળીમાં કામ કરતી બેનના શરીર પર તમાકુ ચોટી હોય તે બાળકના શરીરમાં ના જાય તેનું ધ્યાન રાખવું પડે. ગામમાં ઘોડિયાઘરની સેવા ઘર નજીક મળે એટલે બેનોના બાળકો પણ સચવાય અને વધારે સમય કામ કરી શકે. સેન્ટરમાં દરેક જ્ઞાતિના બાળકો આવે છે. મંડળીનું કામ જોઇ ગામના આગેવાનો, સરપંચ, તલાટીઓએ મદદ કરી સેન્ટર બનાવવા મકાન આપ્યું, શાળા, દૂધની ડેરી વાળા બાળકોને દૂધ આપી મદદ કરે છે. પહેલાં આપણે સેન્ટરમાં ૦થી ૩ વર્ષના બાળકોને જ સાચવતાં હતા, માતાની માંગણી આવી કે, નાના બાળકોની સાથે અમારા મોટા બાળકોને પણ રાખો એ શાળામાં જાય ત્યાં સુધી. એટલે હવે ૦થી ૬ વર્ષના બાળકો સન્ટરમાં આવે છે અને જ્યારે બાળક પહેલા ધોરણમાં જાય ત્યારે તેમનો વિદાય સમારંભ પણ રાખીએ છીએ.



ધ્વજ વંદન કરતા નાના ભુલકાઓ



નાની બેનો ભાઈને રાખડી બાંધે

બાલસેવા સેન્ટરોમાં રક્ષાબંધનમાં બહેન ભાઈને રાખડી બાંધે અને ભાઈ બહેનનું મો મીઠુ કરાવે, આમ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. જેમાં રાખડી, મીઠાઈ, ચોકલેટ, બિસ્કીટ જેવી ચીજ-વસ્તુઓ ડોનેશનમાં આવે છે અને આ રીતે બાળકો તહેવારની ઉજવણી કરે છે. ૧૫મી ઓગસ્ટના દિવસે સેન્ટરોમાં બાળકો ધ્વજ વંદન કરે છે, ત્યારે ડેરીમાંથી કે ગ્રામ પંચાયતમાંથી બિસ્કીટ બુંદી જેવી વસ્તુ આપે છે.



**વિદાય સમારંભમાં બાળકોને કીટ વિતરણ**

બાળકોને જન્માષ્ટમીના તહેવારમાં રાધાકૃષ્ણ બનાવીને, રાસ રમીને, મટકી ફોડીને તહેવારની ઉજવણી કરે છે.

શૈશવ મંડળીના સેન્ટરો આંગણવાડી કરતા અલગ પડે છે તેથી તેમાં બાળકોની સંખ્યા થાય છે અને બાળકોની તંદુરસ્તી, પોષણયુક્ત જમવાનું તથા રમતો જેવી કે, પશુ-પક્ષીઓના નામ, એક શિક્ષણ, કક્કો, ચિત્રકામ, શાકભાજી, ફળ-ફૂલના નામ તથા તેની ઓળખ જેવી પ્રવૃત્તિથી વાલીઓ તથા ગ્રામજનો ખૂબ જ પ્રભાવિત થાય છે.

આ વર્ષે જૂન માસમાં ૨૧ સેન્ટરોમાંથી ૧૨૦ બાળકોને વિદાય આપી જેઓએ બાલવાટિકામાં પ્રવેશ મેળવ્યો. વિદાયમાં કુલ ૧૦ આઈટમ સ્લેટ, પેન, પેન્સિલ, સ્કૂલબેગ, નોટ, દેશી હિસાબ, કલર, કંપાસ, સ્ટીલની ડીશ અને મંડળીનું સર્ટી વિતરણ કર્યા. જેમાં ગામના આગેવાનો, સરપંચ, તલાટી, સ્કૂલના પ્રિન્સિપાલ, આરોગ્ય ખાતાના બેનોને મહેમાન તરીકે આમંત્રિત કર્યા અને તેમના હસ્તે કીટ અપાવીને બાળકોને ઉત્સાહીત કર્યા. બાળકોને આપેલ કીટની વસ્તુઓ ડોનેશનમાં આવી હતી અને જે મહેમાનો આવ્યા તેમણે પણ મંડળીને રોકડા ૭૬૦૦૦/- રૂપિયાનું ડોનેશન આવ્યું.

આમ સૌએ હર્ષોલ્લાસથી કાયક્રમની ઉજવણી કરી, અંતમાં સેવાની રીત પ્રમાણે ''અમે પાર કરીશું'' ગીત ગાઈ કાર્યક્રમ પૂર્ણ કર્યો.

**- ચંદ્રિકા રાઠોડ**

❑

# શ્રી સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળીનો ૪૦મો વાર્ષિક અહેવાલ

શ્રી સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળીની ૪૦મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં 'ચંદા નિવાસ' ખાતે, રંજનબહેન મેરૈયાના પ્રમુખપદે મળી હતી. જેમાં ૧૮૦ સભ્ય બહેનો તથા વાલી ભાઈઓ-બહેનો હાજર હતા. પ્રમુખશ્રીએ ૨૦૨૪-૨૫નો અહેવાલ વાંચી સંભળાવ્યો અને સર્વાનુમતે પસાર કર્યો.

મંડળીની વર્ષ દરમિયાન થઈ ગયેલી પ્રવૃતિઓનો રિપોર્ટ મંડળીના મેનેજર પદ્માબહેને વાંચી સંભળાવ્યો. આ વર્ષે પણ મંડળીને 'અ' વર્ગ મળ્યો છે.

બાલસેવાનો હેતુ અસંગઠિત ક્ષેત્રના કામદાર બહેનોના બાળકો માટે બાલસેવા દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણ આહાર, રચનાત્મક પ્રવૃત્તિઓ, બાળકોનો સામાજિક-માનસિક અને બૌદ્ધિક વિકાસ થાય તેમજ કામદાર બહેનોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો અને નિશ્ચિંત થઈને પોતાનું કામ કરી શકે તે માટે બાલસેવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.

બાલસેવાનો અભિગમ એજ કે, અસંગઠિત ક્ષેત્રના કામદાર બહેનો પોતાના બાળકને બાલસેવામાં મુકી નિશ્ચિંત થઈ વધારે કલાક કામ કરી શકે છે, જેથી આવકમાં વધારો થાય. મંડળી દ્વારા માતાઓના આરોગ્ય તેમજ નવી આજીવિકા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

બાલસેવા કાર્યક્રમ અંતર્ગત દરેક બાલસેવા કેન્દ્રમાં ૬ વર્ષ સુધીના બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. જે માટે ગામડામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ શહેર અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર સાથે સંલગ્ન સંકલન કરીને આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવે છે. તમામ બાલસેવા કેન્દ્રમાં કાર્યરત નર્સ બહેન તેમજ આશા વર્કર બહેન સાથે મળીને બાળકો, ધાત્રી માતા, સગર્ભા બહેન તમામનું આરોગ્ય જળવાય તે માટે જરૂરિયાત મુજબની તપાસ કરી દવાઓ, રસીકરણ, પોષણયુક્ત આહાર આપવામાં આવે છે.

પિતા મીટીંગ દર ત્રણ મહિને કરવામાં આવે છે. હેલ્થ ચેકઅપ, રસીકરણ, તહેવારોની ઉજવણી, વિદાય સમારંભ (વાર્ષિક) તાલીમ અને વિવિધ ચર્ચા કરવામાં આવે છે. નાના બાળકોને બાલસેવામાં મુકવાથી મોટા ભાઈ-બહેન શાળાએ જઈ શકે છે. કુલ ૧૨ બાલસેવા કેન્દ્રો ગાંધીબ્રીજ, બાપુનગર, વટવા, પઠાણની ચાલી, ચમનપુરા, સૈયદવાડી, રામચંન્દ્ર કોલોની, સૈજપુર, હસન જીવાની ચાલી, રામેશ્વર, રાજીવનગર અને સાઈડ એન્ડ સર્વિસમાં ચાલી રહ્યા છે.

ભારતીય રીઝર્વ બેંકના કર્મચારીઓના બાળકો માટે

ગાંધીબ્રિજ પાસે બાલસેવા ચાલે છે જેનો સમય, સવારે ૯-૩૦ થી સાંજે ૬-૩૦ વાગ્યાનો છે, જેમાં ૧૬ બાળકો આવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન : બાલસેવાના દરેક કેન્દ્રોમાં ૩૫ની સંખ્યા કરીશું. વાલી ફાળો ડિઝિટલ પેમેન્ટથી નિયમિત રીતે કરાવીશું. બાળકોને ગુણવત્તા વાળો પૌષ્ટિક અને પોષક આહાર આપીશું. કુપોષિત બાળકોને વધારે પોષક આહાર આપીને તેમનો ગ્રોથ વધે તે માટે વધુ ધ્યાન આપીશું. બાળકોનું દર મહિને નિયમિત વજન, ઊંચાઇ અને ગ્રોથ મોનેટરીગ કરીશું. અર્બન હેલ્થ સેન્ટર સાથે સંકલન કરીને બાળકોનું હેલ્થ ચેકઅપ અને મમતા દિવસની ઉજવણી કરીશું. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ જેમાં શારિરીક, માનસિક, સામાજિક, બૌધિક વિકાસ માટેની જુદી-જુદી પ્રવૃતિ કરાવીશું. આર.ટી.ઇ.માં વધારે બાળકોના વાલીઓને માહિતી આપીશું. દર મહિને વાલી મિટીગમાં ૧૦૦ ટકા વાલીઓને જોડીશું, ત્રિમાસિક પિતા મિટીંગ કરીશું જેમાં ૧૦૦ ટકા પિતાઓને મિટીગમાં જોડીશું.

આવી રીતે દરેક બાલસેવા કેન્દ્રમાં દરેક તહેવારોની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. બાળકો તહેવારોની ઉજવણીને લઈને ખૂબ જ ઉત્સાહિત હોય છે. દરેક તહેવારનું એક આગવું મહત્ત્વ હોય છે. બાળકો તેના વિશે જાણે, નવું-નવું શીખે અને દરેક તહેવારનું મહત્ત્વ સમજે છે. દરેક બાલસેવા કેન્દ્રમાં તહેવારોની ઉજવણી ડોનેશન દ્વારા કરવામાં આવે છે. કેન્દ્રના બાળકોના વાલીઓ પણ ખૂબ જ ઉત્સાહથી ભાગ લે છે અને બાળકોનો ઉત્સાહ વધારવા માટે બાળકોને ઉપહારો પણ આપે છે.

આ વર્ષ દરમ્યાન ૧૨ બાલસેવા કેન્દ્રની કામગીરીની ઝલક જોઇએ, વિમા પ્રીમિયમ રૂા. ૩,૫૪,૮૮૭/- સરકારી યોજના અને પુરાવા સાથે જોડાણની પ્રક્રિયામાં ૧,૬૧૮ સભ્યને જોડયા. મેગા ઈવેન્ટ વર્ષ દરમ્યાન ૧૫ થઇ, જેમાં ૧૧૦૦ સભ્યો જોડાયા અને વાલી ફાળો રૂા.૧૫,૧૧,૬૦૦/ થયો. ઘર સંપર્ક દ્વારા ૧૭,૭૪૮ વાલીઓ સાથે મીટીંગ કરી, એક્ષ્પોઝર વિઝીટ ૪૮ કરી જેમાં ૨૨૨ સભ્યો જોડાયા. અન્ય ફાળો રૂા.૩,૩૧,૮૪૭/- આવ્યો. સેવાની ભગિની સંસ્થા સાથે સંકલન કરી ૨૭૦ સભ્યોને જોડયા. વર્ષ દરમિયાન ત્રિમાસિક ૪૪ પિતા મીટીંગ થઇ. ૯૬ એરિયા મીટીગ થઇ જેમાં, ૧૩૩૪ સભ્યો જોડાયા. ૧૨૦ સભ્યોએ આયુર્વેદની ખરીદી રૂા. ૫૨,૭૮૧/- કરી. રીફર ૫૨૫ સભ્યોને કર્યા. એરિયા મીટીંગ ૯૬, જેમાં ૧૩૩૪ સભ્યો જોડાયા.

ભણતર એટલે માનવીના જીવનનું અગત્યનું પાસું કહેવાય છે. દરેક બાલસેવા કેન્દ્રમાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવે છે. બાલસેવા કેન્દ્રમાંથી ધો. ૧માં જતાં કુલ ૧૦૨ બાળકો અલગ અલગ શાળાઓ અને સરકારના આર.ટી.ઈ.ના કાયદા મુજબ પ્રવેશ મેળવ્યો છે.

મંડળીના અકાઉન્ટન્ટ તેજલબહેને હિસાબો વાંચી સંભળાવ્યા જે સર્વે સભાસદોએ સર્વાનુમતે મંજુર કર્યા.

સભામાં આવેલા વાલી બેનોના બે બોલઃ

હું ફ્રુટનો ધંધો કરું છુ. સવારમાં ૯ વાગ્યે ફ્રુટની લારી ભરી ધંધો કરવા નીકળી જાઉં તે રાત્રે મોડે ઘરે પાછી આવું છું. મારી દીકરી બાલસેવા કેન્દ્રમાં જાય છે એટલે હું શાંતિથી મારો ધંધો કરી શકું છું. આ વાત કહેતાં, ચમનપુરા વિસ્તારના વેચનાર રેખાબહેન પટણી.

ઈદગા બાલસેવા કેન્દ્રમાં ભણતા બાળકના વાલી, ફરીદાબાનુ કહે, મૈં સિલાઇકામ કરતી હું. મેરે ૪ બચ્ચે હૈ વે સબ યે હી કેન્દ્ર મે જ રહે હૈ. બાલસેવા કેન્દ્ર મેં મેરે બચ્ચોકા બહુત ખયાલ રખતે હૈ! યહા બચ્ચો કો બિલકુલ ઘર જૈસા હી લગતા હૈ. અભી માહોલ અચ્છા નહી હૈ પર હમે બહાર નિકલના ચાહિએ, બહાર નિકલેગે તભી કુછ શીખ પાયેગેં. હમેં અપને બચ્ચોં પર વિશ્વાસ રખના ચાહિએ, તભી તો વો બહાર કી દુનિયા દેખેગેં ઔર કુછ નયા શીખ પાયેગેં, ઔર મે તો યહી કહતી હૂ કી અપના ભી ફાયદા હો ઔર દૂસરો કા ભી ફાયદા હો! જીસકો જો બોલના હૈ વો બોલે પર મે તો અપને મન કી હી કરતી હૂં!

હું પણ બાલસેવા કેન્દ્રમાં જતી હતી, મને યાદ છે કેન્દ્રના મધુબહેન જેમને મને બાલસેવામાં સારી રીતે બેસતા-ઉઠતા શીખવ્યું છે અને રમત-ગમત સાથે ભણાવતા પણ. આ શબ્દો હતા, રાજીવનગર બાલસેવા કેન્દ્રમાં ભણી ગયેલ કિશોરી જલકના. હું ૧૦ ધોરણ ભણી રહી ને મારા મમ્મી-પપ્પા મને આગળ ભણાવવાની ના પાડતા હતા, તેથી મેં બાલસેવાના મધુબહેનને મારા પપ્પાને મળાવ્યા અને તેમણે સમજાવ્યા કે, દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ ના રાખો. દીકરી ભણવા માંગતી હોય તો તેને સારું ભણવા દો અને તેનું ભવિષ્ય ઉજવળ બનાવો. તેમની વાત માની આજે મારા પપ્પાએ મને આગળ ૧૧માં ધોરણમાં ભણવાની રજા આપી.

બાલસેવા સંગિની મંડળીને ૪૦ વર્ષ પૂરાં થયાના અભિનંદન પાઠવતા મિરાઇબહેન કહે, મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે, બાલસેવાના બાળકો તંદુરસ્ત રહે, મસ્ત રહે અને તેમના સારા ભવિષ્યનું ઘડતર થાય તેવી શુભેચ્છાઓ.

અંતમાં પદ્માબહેને સૌનો આભાર માન્યો અને 'અમે પાર કરીશું' ગીત ગાઈને સભા પૂર્ણ કરી.

**- ગોમતી, રમીલા**

❑

Estd. 1974 Reg. No.: S 12446

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન: ૦૭૯-૨૬૫૮૧૬૫૨, ૦૭૯-૨૬૫૮૧૫૯૭, ઈ-મેલ:- mail@sewabank.com
વેબ સાઈટ:- www.sewabank.com

ગુજરાતમાં ૧૩ શાખાઓ સાથે ૫૨ વર્ષથી સેવા આપતી બેંક

**મેળવો સરળતાથી અને ઝડપી લોન ઓછામાં ઓછા ડોક્યુમેન્ટ્સ સાથે**


ગોલ્ડ લોન


ઘર લોન


વાહન લોન



મેળવો ડીપોઝીટ ઉપર ૯૦% સુધી નો ઓવર ડ્રાફ્ટ


ધંધો વિકસાવા માટે લીમીટવાળી લોન


ધંધા ને લગતા મશીન ખરીદવાની લોન

અન્ય :

- સેવા બેંકમાં ખાતું ખોલાવો અને સરળતાથી લોન મેળવો
- મોર્ટગેજ લોન સુવિધા
- ઈ.સી.એસ. તથા યુપિઆઈ દ્વારા ઘરે બેઠા સરળતાથી હપ્તા ભરવાની સેવા ઉપલબ્ધ

## ઈલાબહેનના ઘરે મેઘાલયના બહેનો

તારીખ : ૧/૧૨/૨૦૨૫ થી ૬/૧૨/૨૦૨૫ના રોજ મેઘાલયમાંથી કુલ ૨૪ આગેવાન બહેનો 'સેવા'ના શૈક્ષણિક પ્રવાસે આવ્યા હતા. જેઓ મેઘાલયના રીભોઈ અને માયારંગ એમ ૨ જિલ્લાના ૯ ગામોમાંથી આવ્યા હતા. તેઓ મુખ્યત્વે ખેતી, પશુપાલન, હસ્તકલા અને વણાટ કામ કરે છે. સાથે-સાથે નાના-નાના ઉદ્યોગ જેમ કે, ફાસ્ટ-ફૂડ સ્ટોલ અને ફૂડ પ્રોસેસિંગ યુનિટ ચલાવે છે.

આ બેહેનોના જીવન વિષે વાત કરીએ તો, મેઘાલયના ગામડાઓમાં લોકોની જીવનશૈલી સરળ અને પ્રકૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. મોટાભાગના પરિવારો ખેતી પર આધાર રાખે છે અને કેટલાક હસ્તકલાનું કામ પણ કરે છે. ખેતી મુખ્ય પ્રવૃત્તિ છે, અને લોકો ચોખા, મકાઈ, શાકભાજી, આદુ અને મરચાં જેવા પાક ઉગાડે છે. ખેતીની સાથે, તેઓ પ્રાણીઓની સંભાળ પણ રાખે છે અને તેમની દૈનિક જરૂરિયાતો માટે વન સંસાધનોનો ઉપયોગ કરે છે. લોકો પરંપરાગત જીવનશૈલીનું પાલન કરે છે, તેમની સંસ્કૃતિનો આદર કરે છે અને સ્થાનિક શાકભાજી અને માંસ-મચ્છી સાથે ભાત જેવો સાદો ખોરાક ખાય છે.

આ દરમિયાન મેઘાલયના આગેવાનો ઈલાબહેનના ઘરે ગયા હતા. તેઓ પહેલીવાર 'બેન'ના ઘરે આવ્યા. તેમનું કહેવું હતું કે, અમે બધા પહેલીવાર 'સેવા'માં આવ્યા છીએ. પણ અમને એવું લાગ્યું જ નથી કે, અમે પહેલીવાર આવ્યા છીએ. જે બધી જગ્યાએ ગયા ત્યાં અમને બહુ સરસ રીતે આવકાર્યા અને અમે ઘણીવાર 'સેવા'માં આવ્યા ગયા હોય તેવી રીતે અમને રાખ્યા. અને દરેક જગ્યા એ ખૂબ સરસ સમજ પણ આપી.



**ઈલાબહેનના ઘરે મેઘાલયના બહેનો**

આજે અમે ઈલાબહેનના ઘરે બેઠા છીએ તો ખરેખર અમે એવું અનુભવી રહ્યા છીએ કે, બેન અમારી સાથે બેઠા છે અને અમારી સાથે વાતો કરે છે. અમને લાગતું જ નથી કે અમે બેનને મળ્યા નથી ! આ અનુભવ અમારા માટે ખૂબ અગત્યનો રહ્યો. અને અમે જોડાણ પણ કરી શકીએ છીએ કે, અમે શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન જ્યાં જ્યાં ગયા ત્યાં બધે જ ઈલાબહેને એમના વિચારો મુક્યા છે. જેથી અમને એવું લાગ્યું જ નહી કે, અમે પહેલીવાર સેવામાં આવ્યા છીએ ! અહિયાં પોતાના પણું પણ એટલુજ મળ્યું. અને આજ વિચારો સાથે અમે મેઘાલયમાં કામ આગળ વધારીશું.

આમ, બહેનોએ ''હમ હોંગે કામયાબ'' ગીત ગાયું અને ઈલાબેનને મળીને પાછા વળ્યા.

**- સલમા**

❑

## સેવા સમાચાર

### સેવા બેંક દ્વારા સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા માટે ''વુમન-ઈન-બિઝનેસ કેમ્પ''નું આયોજન

ભારતની અસંગઠિત ક્ષેત્ર માટેની પ્રથમ મહિલા બેંક, શ્રી મહિલા સેવા સહકારી બેંક લિમિટેડ, દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે 'વુમન-ઈન-બિઝનેસ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેવા બેંકના મેનેજિંગ ડિરેક્ટર જયશ્રીબેન વ્યાસ, ચીફ જનરલ મેનેજર વંદનાબેન શાહ અને જર્મન ભાગીદારો બેટીના વિટલિંગરબેન અને મેરેન રિક્ટરબેન ઉપસ્થિત રહ્યા હતા. ૧૯૭૪માં સ્થાપિત, સેવા બેંક સ્વ-રોજગાર ધરાવતી મહિલાઓને નાણાંકીય સાક્ષરતા, કાઉન્સેલિંગ અને બેંકિંગ સેવાઓ સાથે જોડે છે અને હવે તે સમગ્ર ગુજરાતમાં ૧૩ શાખાઓ દ્વારા કાર્યરત છે. ૨૦૨૨માં, સેવાબેંકે શ્રમજીવી બહેનો કે જે ઉદ્યોગસાહસિકો છે. તેમના વિકાસના દરેક તબક્કામાં ટેકો આપવા માટે ફ્રેન્કફર્ટ સ્કૂલ ઓફ ફાઈનાન્સ એન્ડ મેનેજમેન્ટ સાથે ભાગીદારી કરી હતી. તેમણે સાથે મળીને આ અસંગઠિત ક્ષેત્રની ગરીબ શ્રમજીવી મહિલા ઉદ્યોગસાહસિકોના કામની આવડતને વધારવા માટે એક નવી નાણાંકીય ઉત્પાદન અને તાલીમ શ્રેણી ડિઝાઈન કરી હતી. સેવાબેંક આયોજિત 'વુમન-ઈન-બિઝનેસ કેમ્પ' કાર્યક્રમમાં ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ, ઈમિટેશન જ્વેલરી, કેટરિંગ, ડેરી અને બ્યુટી ઉધોગ જેવા ક્ષેત્રોની ૩૩ શ્રમજીવી બહેનો કે જે, નાના-નાના ધંધા કરે છે તેમણે ભાગ લીધો હતો.

આ બહેનોએ તાલીમ સત્રો પૂર્ણ કર્યા અને શિબિર દરમિયાન તેમની સિધ્ધિઓ બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા. ૬ લાખથી વધુ મહિલા સભ્યો સાથે, સેવાબેંક, નવિન ઉત્પાદનો અને શ્રમજીવી બેનો આર્થિક રીતે સ્વતંત્ર થાય તે માટે સેવાબેંક તેનાં ૫૧ વર્ષના વારસાને ચાલુ રાખે છે. સેવા બેંક આ ગરીબ શ્રમજીવી ઉદ્યોગસાહસિક બહેનોને તેમના ધંધાના વિસ્તરણ માટે ઉકેલો લાવી તેમને સશક્ત બનવા માટે સતત કામ કરી રહી છે.

**- ભૂમિકા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-1, 6-2-26

## અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-1, 6-2-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]